# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA SATRA SHARU

વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થયું છે..ત્યારે આજે ટૂંકી મુદતની પ્રશ્નોત્તરીમાં મંત્રીઓએ પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપ્યો હતો..જેમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી અંગેની સ્થિતિના પ્રત્યુતરમાં શહેરી વિકાસ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં ૫૫ હજાર ૫૭૫ આવાસો પ્રધાનમંત્રી આવાસ શહેરી યોજના હેઠળ પૂર્ણ કરાયા છે. જેમાં રૂપિયા ૧ હજાર ૯૫૨ કરોડની સહાય રાજ્ય સરકારે ચૂકવી છે.

ગુજરાતમાં ખાતરની ઉપલબ્ધતા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં ક્યાંય પણ ખાતરની અછત ન સર્જાય, તે માટે ભારત સરકારે ગુજરાતને માંગણી કરતા વધુ ખાતરનો જથ્થો પૂરો પાડ્યો છે.

છેલ્લા એક વર્ષમાં ભારત સરકાર સમક્ષ યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯.૮૨ લાખ મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી, જેની સામે ગુજરાતને માંગણી કરતા વધુ આશરે ૬૨.૬૦ લાખ મેટ્રિક ટન જથ્થો ફાળવવામાં આવ્યો છે.

-------------------------

# SC ST Reservation strike

અનુસૂચિત જાતિ અને જનજાતિમાં પેટા-વર્ગીકરણ કરવા માટે રાજ્યોને મંજૂરી આપતા અને ક્રિમિલેયરનો અમલ કરવા સર્વોચ્ચ

અદાલતે આપેલા ચૂકાદાના વિરોધમાં આજે દલિત અને આદિવાસી સંગઠનોએ  ભારત બંધનું એલાન આપ્યું છે.

આદિવાસીઓની મોટી વસતિ ધરાવતા નર્મદા જિલ્લાના રાજપીપળામાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો છે. કેવડિયા, ગરુડેશ્વર, ડેડીયાપાડા અને સાગબારા સજ્જડ બંધ રહ્યું છે, જ્યારે રાજપીપળામાં મોટા ભાગની દુકાનો ખુલ્લી રહી હતી.

સાબરકાંઠા જિલ્લાના ઈડર અને વડાલીમાં તમામ લારી, ગલ્લા અને દુકાનો બંધ રહ્યા હતા.

મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે બંધના એલાનને વેપારીઓએ સમર્થન આપતાં નગરની તમામ દુકાનો બંધ રહી હતી. નગરના અનુસૂચિત જાતિ સમાજ દ્વારા રેલી પણ કાઢવામાં આવી હતી.

98 ટકા  આદિવાસી બાહુલ્યતા ધરાવતા ડાંગ જિલ્લામાં બંધની કોઈ અસર દેખાઈ નથી. આહવા અને વઘઈ તાલુકાના તમામ બજારો ખુલ્લા રહ્યા હતા.

--------------------------------

## RAIN

રાજ્યમાં આ મોસમમાં સરેરાશ 74 ટકા વરસાદ પડ્યો છે. સૌથી વધુ 89 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. દક્ષિણ ગુજરાત ઝોનમાં 88 ટકા, સૌરાષ્ટ્રમાં 81 ટકા અને પૂર્વ-મધ્ય ઝોનમાં 58 ટકા અને ઉત્તર ગુજરાતમાં 55 ટકા વરસાદ પડ્યો છે.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 97 તાલુકામાં હળવો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આજે નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરી છે.

આજે બપોરે અમદાવાદનાં કેટલાંક વિસ્તારોમાં હળવું ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અમારા સુરતના પ્રતિનિધિ જણાવે છે કે, શહેરમાં એક સપ્તાહનાં વિરામ બાદ આજે બપોર પછી વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં સૌથી વધુ 1.6 ઇંચ વરસાદ ઉધનામાં નોંધાયો હતો. સરથાણા, વરાછા અને લિંબાયતમાં 1 ઇંચ વરસાદ વરસ્યો હતો. મજૂરા, પુણા, લિંબાયતમાં એકથી 2 ફૂટ પાણી ભરાયાં હતાં, આગામી બે દિવસ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

દરમિયાન, ગઈ કાલે મોડી સાંજે રાજપીપળામાં મોડી સાંજે ધોધમાર વરસાદ તૂટી પડતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ખેતીના પાકને જીવત દાન મળતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

અમારા અરવલ્લી જિલ્લાન  પ્રતિનિધી જણાવે છે કે વરસાદમાં ભારે ઘટ અને ઉપરવાસમાંથી નહીંવત આવકને કારણે જિલ્લાનાં જળાશયોમાં ૭0 ટકા પાણીની ઘટ છે.. વાત્રકમાં 27 ટકા, મેશ્વો જળાશયમાં સરેરાશ 28 ટકા અને માઝમ જળાશયમાં 30 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.. જો કે જિલ્લાના જળાશયોમાં પીવાના પાણીનો જથ્થો પર્યાપ્ત માત્રામાં હોવાનું સિંચાઈ વિભાગે જણાવ્યું છે.

-----------------

# CM SWAGAT ON LINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ આવતીકાલે 22 ઓગસ્ટની જગ્યાએ આવતા ગુરૂવારે 29 ઓગસ્ટે યોજાશે. ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના સત્રને અનુલક્ષીને સ્વાગત કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે.. નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાય છે.

-------------

# RAIL-WAY JOB CALNDER

રેલ્વે ભરતી પ્રક્રિયા માટે વાર્ષિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વર્ષમાં જુદા જુદા તબક્કામાં ચાર વાર એમ્પ્લોયમેન્ટ નોટિફિકેશન જારી થશે. જેમાં જાન્યુઆરી થી માર્ચમાં આસિસ્ટન્ટ લોકો પાયલોટ, એપ્રિલ થી જૂનમાં ટેક્નિશિયન, જુલાઈ થી સપ્ટેમ્બરમાં નોન ટેકનિકલ પોપ્યુલર કેટેગરી અન્ડર ગ્રેજ્યુએટ (લેવલ 2 & 3) જૂનિયર એન્જિનિયર અને પેરામેડિકલ કેટેગરી તેમજ ઓક્ટોબર થી ડિસેમ્બરમાં મિનિસ્ટિરિયલ અને આઈસોલેટેડ કેટેગરી (લેવલ -1) ની પરીક્ષા યોજાશે.

ઉલ્લેખનીય છે કે, રેલ્વે પ્રશાશને જોબ અપાવનારા રેકેટ અને દલાલો, વચેટીયાથી સાવધાન રહેવા અને કોઈપણ પ્રકારની છેતરપીંડીથી બચવા માટે અપીલ કરી છે.

--------

# Marathon Run - Daman

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં મોન્સુન ફેસ્ટિવલ અંતર્ગત મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રશાસન દ્વારા આયોજિત આ મેરેથોનમાં પ્રદેશના પર્યટન નિર્દેશક શિવમ ટેવતિયાએ લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યુ હતું. પાંચ કિલોમીટર દોડની અલગ અલગ શ્રેણીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . .